PGVCL　　પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ　　PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર


રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com


| | |
|---|---|
| પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૯/ક્વા–૦૨/૧૮–૧૯/ 9662 (5) , | તા. 24-10-18 |

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રીલાયન્સ કોમ્યુનીકેશન લીમીટેડ,
એમસીએન બીલ્ડીગ, સર્વે નં.–૨૩/૨,
ગામ: માધાપર,
સોમનાથ પેટ્રોલ પંપ ની સામે
રાજકોટ–૩૬૦૦૦૬
મો: ૦૨૮૧– ૩૦૩૧૧૧૧, ૩૦૩૧૧૧૨

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૯–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૯/ક્વા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
… સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, પડધરી

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૫૯/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૨–૧૦–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: રીલાયન્સ કોમ્યુનીકેશન લીમીટેડ, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર રીલાયન્સ કોમ્યુનીકેશન લીમીટેડ– રાજકોટ વતી તેમના પ્રતિનીધી તરીકે મેહુલભાઈ ભુવા હાજર રહેલ છે.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, પડધરી (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)**

**રજુઆત કરનાર :એમ.એ.ચાવડા – નાયબ ઈજનેર (ટેક) ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

---

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | **અરજદાર જણાવે છે કે,** રિલાયન્સ નો ખોડાપીપર **ગામ ખાતે** મોબાઇલ નો ટાવર આવેલો **છે. જે તેઓએ મોબાઈલ** ટાવરના સંસાધનોના ઉપયોગ માટે જોડાણ લીધેલ છે તેઓને 5 જૂન 18 ના રોજ રૂ. 441452 **નુ જે વીજબીલ આપેલ છે, તેમા** વધુ પડતા ચાર્જ લગાડવામાં આવેલ છે. **તેમજ માહે** August 18 સુધીના બિલો ભરપાઇ કરેલ છે પીજીવીસીએલની **લોકલ ઓફિસ દ્વારા** જણાવેલ કે **મીટર ક્ષતિગ્રસ્ત** (ભાંગેલી) હાલતમાં હતું. **જેથી** પાવર ચોરી માં ગણવામાં આવેલું. **તેમજ તેઓની જાણકારી બહાર મીટર ને બદલવામા આવેલ અને મીટર નુ** પરિક્ષણ **તેઓની જાણકારી બહાર કરાયેલ છે. તેમજ મીટર ના એમ.આર.આઈ. અહેવાલ ની નકલ તેઓને આપવામા આવેલ નથી. તેમજ આપેલ બીલ નુ** સુવ્યવસ્થિત ગણતરી પત્રક પણ **આપવામા આવેલ નથી. જે તેઓને મળવા તેમજ સદર બીલ સામે વાંધો હોય – આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.** |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી રીલાયન્સ કોમ્યુનીકેશન લી.ને તેઓના ખોડાપીપર ગામના વીજજોડાણ ગ્રાહક નંબર ૩૫૦૪૦/૦૦૭૦૭/૮ માં આપવામાં આવેલ પુરવણી બિલ રૂા.૪૪૧૪૫૨/- ની રકમ વધુ હોવા બાબતની તા.૨૭.૯.૧૮ ની અરજી ના અનુસંધાને – અરજદારનું મીટર ફોલ્ટી હોવાથી તા.૧૯.૧.૧૮ ના રોજ અરજદારના પ્રતિનીધી ની હાજરીમાં જુનું ફોલ્ટી મીટર ઉતારી નવું મીટર લગાવેલ અને જુના મીટરના લેબ પરીક્ષણ માટે અરજદારને પત્ર નં–પીએસડી/ટેક/લેબનોટીસ/૩૩૭૧ થી તા.૫.૩.૧૮ ના રોજ લેબમાં હાજર રહેવા અંગેની તારીખો બાબતે નોટીસ આપેલ હતી પંરતુ અરજદાર એકપણ તારીખે હાજર ન રહેતા તા.૨૦.૩.૧૮ ના રોજ એકતરફી મીટર ચકાસણીની કાર્યવાહી કરવામાં આવેલ અને લેબરીપોર્ટ પરથી પાવરચોરી સાબિત થતા અરજદારને પત્ર નં–૬૨૧૪/૫–૬–૧૮ થી કલમ ૧૩૫ હેઠળ પાવરચોરીનું રૂા.૪૪૧૪૫૨.૬૦ નું બિલ આપવામાં આવેલ હતુ જે ટપાલ પરત આવતા ગ્રાહકના પ્રતિનીધીને પડધરી પેટા વિભાગીય કચેરી દવારા ટેલીફોનિક સંપર્ક સાધી રૂબરૂ બિલ આપવામાં આવેલ. |

| | |
|---|---|
| | ત્યારબાદ ઉપરોક્ત બિલ બાબતે ગ્રાહકે તા.૩.૮.૧૮ ના રોજ MRI રીપોર્ટ માટે અરજી કરેલ જે અંગે પેટા વિભાગીય કચેરી દવારા પત્ર નં–પીએસડી/ટેક/૯૫૫૯ તા.૨૮.૮.૧૮ થી રીપોર્ટ માગવામાં આવેલ પરંતુ અરજદારનું મીટરનું સંપુર્ણ બોડી અને આંતરીક સર્કિટ પણ ડેમેજ થયેલ હોય મીટરને પાવર આપતા રીડીંગ તથા MRI આવી શકેલ નથી તેવુ પત્ર નં ૨૩૭ થી તા.૧૫.૯.૧૮ ના રોજ જણાવતા સદર બાબતે અરજદારને પેટા વિભાગીય કચેરી દવારા પત્ર નં- ડીઇ/પીએસડી/રેવ/ટેક/૧૦૨૦૦ થી તા.૧૯.૯.૧૮ ના રોજ જાણ કરવામાં આવેલ.<br><br>અરજદારે તેઓની ઉપરોક્ત સંદર્ભિત અરજીમાં પુરવણી બિલનુ કન્ઝમ્પશન વધારે હોય તેનો બ્રેકઅપ આપવા જણાવેલ છે જે વિગત અરજદારને પત્ર નં–૬૨૧૪ થી તા.૫.૬.૧૮ ના રોજ આપવામાં આવેલ બિલમાં જ અગાઉ આપેલ છે. અને સદર વિવાદીત પ્રશ્નનું નિરાકરણ ન આવે ત્યાસુધી વીજજોડાણ કાપવામાં ન આવે તેવી રજુઆત કરેલ છે જે અંગે નાયબ ઇજનેરશ્રી પડધરીના જણાવ્યા અનુસાર અરજદારની ઉપરોક્ત અરજી તેઓને મળ્યા પહેલા જ રકમની વસુલાત માટે કંપનીના નિયમ મુજબ તા.૪.૧૦.૧૮ ના રોજ અરજદારનું વીજજોડાણ કાપવામાં આવેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે – અરજદાર નુ સદર જોડાણ માં કલમ ૧૩૫ હેઠળ પાવરચોરીનું રૂ.૪૪૧૪૫૨.૬૦ નું બિલ આપવામાં આવેલ હતુ જે ટપાલ પરત આવતા ગ્રાહકના પ્રતિનીધીને પડધરી પેટા વિભાગીય કચેરી દવારા ટેલીફોનિક સંપર્ક સાધી રૂબરૂ બિલ આપવામાં આવેલ. આમ, સદર કેઈસ નામ. જીઈઆરસીના નોટિફીકેશન નં. – ૦૨/૨૦૧૧ (ફોરમ રેગ્યુલેશન) ના મુદા નં. – ૨.૩૦ (૨)માં કરાયેલ જોગવાઈ મુજબ, વીજ ધારા–૨૦૦૩ની કલમ–૧૩૫ હેઠળ થયેલ કાર્યવાહી અન્વયે પીજીવીસીએલ તરફથી પાવરચોરી આનુષંગિક અપાયેલ પૂરવણી બીલ સબબના કેસના નિકાલની કામગીરી અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય, જેથી આ બાબતે કોઈ કાર્યવાહી કરવાની ન હોય – સદર ફરીયાદ ને દફતરે કરવાનો નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ